# સંખ્યા પરિચય

આપેલ અંકો પરથી સંખ્યા બનાવે છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(૧) ૪૨૮૭૨૧ માં ૨ ની દરેક સ્થાન કિંમતોનો ગુણાકાર શું મળે છે ?

(અ) ૪ (બ) ૪૦૦૦૦ (ક) ૪૦૦૦૦૦ (ડ) ૪૦૦૦૦૦૦

(૨) સાત અંકની સૌથી મોટી સંખ્યામાં ૧ ઉમેરતાં કઈ સંખ્યા મળે ?

(અ) ૧૦ હજાર (બ) ૧ લાખ (ક) ૧૦ લાખ (ડ) ૧ કરોડ

(૩) 3 x ૧૦૦૦૦ + ૭ x ૧૦૦૦ + ૯ x ૧૦૦ + ૦ x ૧૦ + ૪ એટલે.....

(અ) ૩૭૯૪ (બ) ૩૭૯૪૦ (ક) ૩૭૯૦૪ (ડ) ૩૭૯૪૦૯

(૪) ૯૫૭૮ માટે નીચેનમાંથી શું સાચું છે ?

(અ) ૯ x ૧૦૦૦૦ + ૫ x ૧૦૦૦ + ૭ x ૧૦ + ૮ x ૧

(બ) ૯ x ૧૦૦૦ + ૫ x ૧૦૦ + ૭ x ૧૦ + ૮ x ૧

(ક) ૯ x ૧૦૦૦ + ૫૭ x ૧૦ + ૮ x ૧

(ડ) ૯ x ૧૦૦ + ૫ x ૧૦૦ + ૭ x ૧૦ + ૮ x ૧

(૫) ૮૫૬૪૨ ની હજારના અંદાજમાં આશરે કિંમત શું થાય છે ?

(અ) ૮૫૬૦૦ (બ) ૮૫૭૦૦ (ક) ૮૫૦૦૦ (ડ) ૮૬૦૦૦

shikshansagar.com
The King of Education
શિક્ષણ સાગર

1,00,000 સુધીની સંખ્યાઓ સમજે છે તેમજ અંકોમાં અને શબ્દોમાં લખે છે.

૨ ખાલી જગ્યા પૂરો :

(૧) ૧૦ મિલિયન = ____________ કરોડ અને ૧૦ લાખ = ____________ મિલિયન

(૨) ૧૦૦ હજાર = _________________ લાખ

(૩) નર્મદા નદીની લંબાઈ આશરે ૧૨૯૦ કિલોમીટર છે, તો તેની લંબાઈ = _________ મીટર થાય.

(૪) રોમન પદ્ધતિમાં I, X, C, અને D પૈકી ___________ બાદ ન થઈ શકે.

(૫) એકમ માં ૫ આવતો હોય તેવી છ અંકની નાના માં નાની સંખ્યા ......................... છે.

અલ્પવિરામનો ઉપયોગ કરીને ભારતીય અને આંતરરાષ્ટ્રીય પદ્ધતિમાં સંખ્યા લેખન કરે છે.

(૧) ૫, ૯, ૨ અને ૬ અંકો વડે અને કોઈપણ એક અંકનો બે વખત ઉપયોગ કરીને બનતી ચાર અંકની મોટામાં મોટી સંખ્યા કઈ ?

(અ) ૯૬૫૨ (બ) ૯૫૬૨ (ક) ૯૬૫૯ (ડ) ૯૯૬૫

(૨) ભારતીય સંખ્યા લેખન પધ્ધતિ મુજબ ૫૮૬૯૫૩૭૬ કેમ દર્શાવશો ?

(અ) ૫૮,૬૯,૫૫,૭૬ (બ) ૫૮,૬૯૫,૩૭૬ (ક) ૫,૮૬,૯૫,૩૭૬ (ડ) ૫૮૬,૯૫,૩૭૬

(૩) એક મિલિયન એટલે .....

(અ) ૧ લાખ (બ) ૧૦ લાખ (ક) ૧ કરોડ (ડ) ૧૦ કરોડ

(૪) નીચે પૈકી કઈ સંખ્યાની હજારમાં આશરે કિંમત ૫૦૦૦ મળે ?

(અ) ૫૫૦૫ (બ) ૫૫૫૯ (ક) ૫૯૯૯ (ડ) ૫૪૯૯

(૫) ૬૩૫૦૯૪૭ સંખ્યામાં ૬ નું સ્થાન બદલાવ્યા વગર બાકીના અંકોની ફરી ગોઠવણી કરતાં સૌથી નાની સંખ્યા કઈ બને ?

(અ) ૬૯૭૫૪૩૦ (બ) ૬૦૪૩૫૭૯ (ક) ૬૦૩૪૫૭૯ (ડ) ૬૦૩૪૭૫૯

shikshansagar.com
શિક્ષણ સાગર
The King of Education